# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-11-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## દિલ્હી વિસ્ફોટ-કેન્દ્રીય ગૃહમંત્રી:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે દિલ્હી વિસ્ફોટની ઘટનામાં સામેલ દરેકને તપાસ એજન્સીઓના સંપૂર્ણ ગુસ્સાનો સામનો કરવો પડશે. ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે નવી દિલ્હીમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠકોની અધ્યક્ષતા કરી હતી. રાષ્ટ્રીય રાજધાનીમાં લાલ કિલ્લા પાસે થયેલા કાર વિસ્ફોટ પછીની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી શકાય. તેમણે અધિકારીઓને દિલ્હી વિસ્ફોટની ઘટના પાછળના દરેક ગુનેગારને શોધવા સૂચના આપી હતી. પ્રથમ બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવ, ગુપ્તચર બ્યુરોના ડિરેક્ટર, દિલ્હી પોલીસ કમિશનર અને રાષ્ટ્રીય તપાસ એજન્સીના ડિરેક્ટર જનરલ હાજર રહ્યા હતા. દરમિયાન, ગૃહ મંત્રાલયે આ ઘટનાની તપાસ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ને સોંપી છે.

---

## કચ્છ-સુરક્ષા એલર્ટ:

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે કારમાં થયેલા વિસ્ફોટના પગલે સરહદી કચ્છમાં પણ સુરક્ષા એલર્ટ અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા સઘન તપાસ અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે.

જીલ્લાના પશ્ચિમ અને પૂર્વ વિભાગમાં આવેલા તમામ પોલીસ મથકોના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ્સ પર વાહનોની તપાસ ચાલી રહી છે. પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓની સૂચનાથી જાહેર સ્થળો અને મુખ્ય માર્ગો પર રાત્રિ પેટ્રોલિંગ પણ સઘન બનાવવામાં આવ્યું છે.

જીલ્લાના પ્રવેશદ્વાર સમા આડેસર પોલીસ ચેકપોસ્ટ પરથી પસાર થતા તમામ વાહનોને રોકીને ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, ભુજ તથા જિલ્લાના દુર્ગમ વિસ્તારોમાં પણ પોલીસની વિવિધ ટીમો નાની-મોટી તમામ ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી રહી છે.

---

## કૃષિ સહાય:

રાજ્યના વાવ-થરાદ, પાટણ, કચ્છ, પંચમહાલ અને જૂનાગઢ જિલ્લામાં પિયત અને બિનપિયત બંનેમાં એક સમાન કૃષિ સહાય અપાશે. સત્તાવાર યાદીમાં જણાવ્યાઅનુસાર વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ કરેલી રજૂઆતને પગલે આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, પિયત અને બિનપિયત બંને પાકોમાં ખેડૂતોને 22 હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે આ પાંચ જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતો માટે ગઈકાલથી કૃષિ રાહત પેકેજ પોર્ટલ ખુલ્લું મૂકાયુ છે. ખેડૂતો પોતાના ગામના VCE/VLEના માધ્યમથી આગામી 15 દિવસ સુધી સહાય માટે પોર્ટલ પર અરજી કરી શકશે.

---

## SIR-રાજ્ય:

રાજ્યભરમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા-SIRની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે 50 હજાર 963 બૂથ સ્તરના અધિકારીઓ-BLO 5 કરોડ 8 હજાર મતદારોના મેપિંગ માટે કાર્યરત છે. SIR પ્રક્રિયા શરૂ થયાના ગણતરીના દિવસોમાં 3 કરોડ 90 લાખ ગણતરી ફોર્મના વિતરણ સામે 2 કરોડ 17 લાખથી વધુ નાગરિકોનું મેપિંગ પૂર્ણ થયું છે.  રૂબરૂ, મોબાઈલ એપ્લિકેશન તથા ઓનલાઈન ડેટાબેઝના માધ્યમથી નાગરિકોનું મેપિંગ કરવામાં આવી રહ્યું છે.

BLO ગણતરી ફોર્મનું વિતરણ, મતદારને તેમના નામ અથવા સંબંધીઓના નામ સાથે મેચિંગ/ લિંકિંગમાં મદદ કરવી તથા નવા મતદારોને નામ ઉમેરવા માટે કરવી પડતી પ્રક્રિયાથી માહિતગાર કરવા સહિતની કામગીરી સંભાળી રહ્યા છે.

---

## SIR જીલ્લા ચુંટણી અધિકારી અપીલ:

ભારતના ચૂંટણીપંચના આદેશ અનુસાર કચ્છજિલ્લાના ૬ વિધાનસભા વિસ્તાર અબડાસા,માંડવી, ભુજ,અંજાર, ગાંધીધામ અને રાપરમાં તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૬ ની લાયકાતની તારીખના સંદર્ભમાં ખાસ સઘન સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત હાલમાં ગણતરીનો તબક્કો ચાલી રહ્યો છે, આ કામગીરી સુચારૂ રીતે સમયસર પૂર્ણ થાય તે આવશ્યક છે. જે અંતર્ગત અત્રેના જિલ્લામાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી કચ્છના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ જિલ્લામાં સમાવિષ્ટ ૬ વિધાનસભા મતદાર વિભાગોમાં આવેલ તમામ મતદાન મથકો પર તારીખ ૧૫ નવેમ્બર શનિવાર અને તા.૧૬ નવેમ્બર,રવિવાર, તારીખ ૨૨ નવેમ્બર શનિવાર અને તા.૨૩ નવેમ્બર રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાક થી બપોરે ૧.૦૦ કલાક સુધી બી.એલ.ઓ હાજર રહેશે.આ સમય દરમિયાન મતદારો બી. એલ. ઓ વર્ષ -૨૦૦૨ ની મતદારયાદીમાં નામ શોધી આપશે. જે મતદારોનું નામ અથવા તેમના માતા –પિતા /દાદા-દાદી નું વર્ષ -૨૦૦૨ ની મતદારયાદીમાં ના હોય તેવા કિસ્સામાં કયા કયા પુરાવા પછીના તબક્કે રજૂ કરવા તે અંગે માર્ગદર્શન આપશે. વધુમાં મતદારો પોતાને મળેલા ગણતરી ફોર્મ પોતાના ભાગના બી.એલ.ઓને જમા કરાવી શકશે. જેથી કચ્છ જિલ્લાના નાગરીકોને મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન ગણતરી ભરવા બુથ લેવલ ઓફિસરોને સહયોગ કરવા આ સમય અને તારીખે યોજાનાર ખાસ કેમ્પનો લાભ લેવા માટે જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર, કચ્છ દ્વારાઅપીલ કરવામાં આવે છે.

---

## લોકસેવા  પ્રસારણ દિન:

12 નવેમ્બર 1947માં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ  ઓલ ઈન્ડીયા રેડીઓ દિલ્હીના સ્ટુડીયોની  મુલાકાલ લીધી હતી. આ મુલાકાતને નિમિતે દર વર્ષે  12 નવેમ્બરે લોક સેવા પ્રસારણ દિનની ઉજવણી કરવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન :

ઉત્તર-પૂર્વ દિશાએથી વાતા ઠંડા પવનની અસર તળે રાજ્યની સાથે કચ્છમાં એકાદ સપ્તાહથી ઠંડીનો  ચમકારો અનુભવાઇ રહ્યો છે ત્યારે  લઘુતમ પારામાં સામાન્ય ઉતાર-ચડાવ વચ્ચે ઠંડીની ચમક યથાવત્ રહી છે.

---------------------------------------------------------------------------------------------------